Downloaded From : http://www.cbseportal.com

# Marking Scheme for Subject Code-010 Set 4

**Secondary School Examination**
**March 2018**
**Marking Scheme : Gujarati (010)**

**General Instructions :**
Please adhere to the following instructions during evaluation.

**Specific Instructions :**
**As per the Supreme Court order, candidates can photocopy their answer sheets on payment of the decided fee.**

**Answer sheets to be evaluated as per the marking scheme.**

1. A discussion, individually and in a group to be held with the examiners on the first day prior to the commencement of evaluation.
2. The main objective of evaluation is to do justice to the candidate. The answers provided in the answer key are not binding but serve as a guide to the examiner. If the candidate has written meaningful and appropriate answers, marks to be awarded.
3. Evaluation should not be subjective.
4. Marks awarded to sub questions to be noted in the margin and the sum of these marks to be placed at the beginning of the main question.
5. When there are no sub questions, marks for the question to be awarded in the margin as well as at the beginning of the question.
6. If the same question has been attempted twice and none of the answers have been struck off by the candidate, the best answer is to be considered for evaluation.
7. If additional points have been written by the candidate, examiner is required to ignore them and assess relevant points.
8. Candidates can be penalized for one type of error only once.
9. No marks can be deducted for exceeding the word limit.
10. It is observed that examiners tend to stretch marks from 30% to 33%. Examiners also deduct 1 mark to avoid giving full marks. It must be noted that marks from 0-80 can be awarded by any examiner.
11. If the answer is completely wrong, it may be crossed out and 0 marks to be awarded.



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

# માધ્યમિક સ્કૂલ પરીક્ષા

## માર્ચ - 2018

## ગુણ યોજના : ગુજરાતી (010)

**સામાન્ય નિર્દેશ :** મૂલ્યાંકન કરતી વખતે નીચેની સૂચનાઓને ધ્યાનમાંરાખવી.

**વિશેષ નિર્દેશ :**માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના આદેશ અનુસાર, પરીક્ષાર્થી નિયત ફી ભરીને ઉત્તરવહીની નકલ મેળવી શકે છે.

❖ પરીક્ષકે નિશ્ચિત કરેલી ગુણયોજના પ્રમાણે ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવું.

(1) પરીક્ષકો સાથે પ્રથમ દિવસે વ્યક્તિગત અને સામૂહિક રીતે ગુણયોજનાનીચર્ચા-વિચારણા કર્યા પછી જ મૂલ્યાંકન કાર્ય શરૂ કરવું.

(2) ગુણયોજનાનો મુખ્ય ઉદ્દેશ મૂલ્યાંકનને વધારેમાં વધારે ન્યાય આપવાનો છે. ગુણયોજનામાં આપવામાં આવેલા ઉત્તરના મુદ્દાઓને અંતિમ ગણવા નહિ. તે બધાં મુદ્દાઓ માત્ર માર્ગદર્શક અને નિર્દેશરૂપ છે. જો વિદ્યાર્થીઓએ આનાથી અલગ રીતે, પરંતુ યોગ્ય અને અર્થપૂર્ણ ઉત્તર આપ્યા હોય તો તેને ગુણ આપવા.

(3) મૂલ્યાંકનકાર્ય માત્ર વ્યક્તિગત મતાનુસાર નહિ, પરંતુ ગુણયોજનાના નિર્દેશ પ્રમાણે જ કરવું.

(4) દરેક પેટપ્રશ્નના ગુણ હાસિયામાં લખવા. મુખ્ય પ્રશ્ન જ્યાંથી શરૂ થતો હોય તે પાનાં પર પેટાપ્રશ્નના ગુણનો સરવાળો કરીને લખવો.

(5) જો મુખ્ય પ્રશ્નના કોઈ પેટાપ્રશ્ન ન હોય તો એ પ્રશ્નના ગુણ હાસિયામાં તથા ઉપર લખવા.

(6) જો પરીક્ષાર્થીએ કોઈ એક પ્રશ્નનો ઉત્તર બે જગ્યાએ લખ્યો હોય અને એક પણ ઉત્તરને કાપ્યો ન હોય તો જે ઉત્તર વધારે સાચો હોય એના ગુણ આપવા અને બીજાને ધ્યાનમાં લેવો નહી.

(7) પ્રશ્નના ઉત્તરો જો મુદ્દાસર લખવાના હોય તો અને પરીક્ષાર્થીએ જરૂર કરતાં વધારે મુદ્દા લખ્યા હોય તો જરૂરી ગુણ આપીને બિનજરૂરી મુદ્દાને ધ્યાનમાં ન લેવા.

(8) એક જ પ્રકારની જોડણી ભૂલનો ગુણ એક જ વખત કાપવો.

(9) શબ્દમર્યાદા કરતાં વધારે લખાણના ગુણ કાપવા નહીં.

(10) સામાન્યરીતે એવું જોવા મળે છે કે પરીક્ષક સહાનુભૂતિથી 30% ગુણ મેળવનાર પરીક્ષાર્થીને 33% ગુણ આપીને ઉત્તીર્ણ કરે છે, અથવા તો ક્યારેક એક ગુણ માત્ર; એ આધાર પર કાપવામાં આવે છે કે, પૂરા ગુણ ન આપી શકાય.અહીં એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે મૂલ્યાંકનમાં. પૂરેપૂરા 0 થી 80 ગુણ ઈચ્છનીય છે અર્થાત પરીક્ષાર્થીએ જો બધા જ જરૂરી મુદ્દાઓ સાથે ઉત્તરો લખ્યા હોય તો પૂરેપૂરા 80 ગુણ આપી શકાય.

(11) ઉત્તરવહીમાં મૂલ્યાંકન કરતી વખતે જો કોઈ ઉત્તર પૂર્ણતઃ ખોટો હોય તો તે ઉત્તર પર (×) નિશાની કરીને 0 ગુણ આપવા જોઈએ.



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | **SECTION - A (READING COMPREHENSION)** | |
| ૧ | અ | **ગદ્યસમીક્ષાના ઉત્તરો:** | **1x5 = 5** |
| | **(1)** | આપણે બધાં એક સર્જનહારને માનનારા છીએ.ભલે ધર્મ અલગ અલગ હોય મુસલમાન ખુદાને , હિન્દુ ઈશ્વરને ભજતો હોય પણ તેનું સ્વરૂપ એક જ છે. | |
| | **(2)** | ઈશ્વરની સામે પ્રતિજ્ઞા લઈને જો આપણે ફરી જઈએ તો જગત અને ખુદાના ગુનેગાર થઈએ. | |
| | **(3)** | સાવધાનીથી, શુદ્ધ બુદ્ધિથી પ્રતિજ્ઞા લઈને જો માણસ તેનો ભંગ કરે તો માનવતા ખોઈ બેસે અને લોક-પરલોકમાં તે સજાને પાત્ર થાય છે. | |
| | **(4)** | ગાંધીજીના મતે સભામાં કોઈ બાળક કે અણસમજુ નથી; બધાએ દુનિયા જોઈ છે–<br>પ્રતિનિધિ છે, જવાબદારી નિભાવી છે. | |
| | **(5)** | ઉપરોક્ત ગદ્યખંડનું શીર્ષક 'પ્રતિજ્ઞાનું મૂલ્ય','સાચી પ્રતિજ્ઞા' અને 'કસમની કીમત'. (ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય) | |
| | બ | **ગદ્યસમીક્ષાના ઉત્તરો:** | **1x5 = 5** |
| | **(1)** | લેખકના મતે ઋષિઓનો પ્રયોગ 1. ઐતિહાસિક રીતે 2. પાત્રાત્મક રીતે | |
| | **(2)** | લેખકની દષ્ટિએ કપિલ, કણાદ અને ગૌતમ ઋષિ ઐતિહાસિક છે. | |
| | **(3)** | વ્યાસ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, દુર્વાસા અને અત્રિ વગેરે ઋષિઓનો પ્રયોગ પાત્રાત્મક રીતે થયો છે. | |
| | **(4)** | વશિષ્ઠ, વ્યાસ, વિશ્વામિત્ર, ભારદ્વાજ અને અત્રિ ઋષિ રામાયણ અને મહાભારત એમ બંને કાળમાં અસ્તિત્વ ધરાવે છે. | |
| | **(5)** | ઉપરોક્ત ગદ્યખંડનું શીર્ષક 'આપણી ઋષિ પરંપરા','મહાન ઋષિ','રામાયણ-મહાભારત યુગ'. (ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય) | |
| | ક | **કાવ્યસમીક્ષાના ઉત્તરો:** | **1x5 = 5** |
| | **(1)** | કવિને જો પૃથ્વીની હકૂમત મળે તો'' પશુ, પંખી ને મનુષ્ય સર્વને | |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | | જીવવાનો હક પણ કોઈ કોઈને હણી શકે નહીં ' એવો પ્રથમ વટહુકમ કાઢવા માગે છે. | |
| | (2) | કવિના વટહુકમને કારણે સમસ્ત જીવો ભય વિના રહે. કોઈ રાજા નહિ, કોઈ શાસન નહિ અને કોઈને કશી ફરિયાદ ન હોય. | |
| | (3) | કવિ મૈત્રીના કરારો અને પ્રીતિનું આક્રમણ કરવા માગે છે. જેમાં જીતવું નહિ પણ જિતાઈ જ જવું એ એક ભાવના હ્રદયમાં હોય. | |
| | (4) | કવિના સ્વનિયમનને કારણે પ્રજાને રાજા કે કોઈ હકૂમતની જરૂરત નહીં રહે. | |
| | (5) | ઉપરોક્ત કાવ્યનું શીર્ષક 'પૃથ્વીની હકૂમત',' પૃથ્વી સહુનું ઘર છે' . (ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય) | |
| | | **SECTION - B (WRITING)** | |
| 2 | અ | **કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લેખન** | **1x8=8** |
| | | ▪ પ્રસ્તાવના 1<br>▪ વિષયવસ્તુ 3<br>▪ ભાષા અભિવ્યક્તિ 1<br>▪ ભાષાશુદ્ધિ અને વાક્યરચના 2<br>▪ ઉપસંહાર 1 | |
| | | ❖ નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નિબંધ લખવો:<br>❖ વિષયની પસંદગી<br>❖ શરૂઆત: આકર્ષક, સ્વાભાવિક અને સચોટ<br>❖ કાવ્યપંક્તિ, સુભાષિત કે અવતરણ આવકાર્ય<br>❖ વિષયાંતર ન થાય તેની કાળજી<br>❖ સુંદર, સુવાચ્ય હસ્તાક્ષરો, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી | |
| | બ | **આપેલા મુદ્દાઓને આધારે વાર્તા:** | **1x6=6** |
| | | શીર્ષક : 'એક ભૂલ','કલાકારની ભૂલ' ,' શિલ્પી અને યમદૂત'<br>(ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય)<br>બોધ: અહમ્ માણસનો વિનાશ સર્જે અથવા<br>વિનાશકાળે વિપરીત બુદ્ધિ અથવા<br>વ્યક્તિએ ક્યારેય પોતાની કળા કે જ્ઞાનનું અભિમાન કરવું નહિ. | |
| | | • ભાષાશૈલી, ભાષાશુદ્ધિ 1<br>• વિષયવસ્તુઅને રસપ્રદ વર્ણન 3 | |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | | • શીર્ષક 1<br>• બોધ 1 | |
| | | ❖ આપેલ મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો<br>• વાર્તા મોટે ભાગે ભૂતકાળમાં જ લખવી<br>• વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી<br>• ભાષા સરળ અને પ્રવાહી,રસપ્રદ લખાણ જરૂરી<br>• મુખ્ય પાત્ર, પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક આપવું, અંતે બોધ લખવો. | |
| | ક | **તમારા માસીએ તમને સુવિચારોનું પુસ્તક ભેટ મોકલ્યું છે, તેમનો આભાર માનતો પત્ર :** | **1x6=6** |
| | | • સરનામુ અને તારીખ 1.5<br>• સંબોધન અને અભિવાદન 1<br>• વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ 2.5<br>• સમાપન, લિખિતંગ 1<br>▪ નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો :<br>• પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી<br>• પત્રની ભાષા સરળ, શુદ્ધ હોવી જરૂરી<br>• વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>• સરનામુ, સંબોધન અને વિષયની યોગ્યતા | |
| | | **અથવા**<br>**તમારા વિસ્તારમાં દર ચોમાસામાં પાણી ભરાઈ જાય છે , તેના કાયમી નિકાલ માટે વ્યવસ્થા કરવા નગરપાલિકાને પત્ર:** | |
| | | • સરનામું (બંને સરનામા) અને તારીખ 1.5<br>• સંબોધન અને અભિવાદન 1<br>• વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ 2.5<br>• સમાપન, લિખિતંગ 1<br>• નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો :<br>• સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા<br>• પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી<br>• પત્રની ભાષા સરળ, શુદ્ધ હોવી જરૂરી<br>• વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>• કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક તથા સરકારી | |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | | પત્રોમાં વિવેકપૂર્ણ, સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી | |
| | ડ | **‘ વર્તમાન શિક્ષણ પદ્ધતિ શી હોઈ શકે ?’ વિષય પર આશરે 100 શબ્દોમાં આર્ટિકલ :**<br>▪ વિષયવસ્તુ 3.5<br>▪ ભાષાશુદ્ધિ 1.5<br>❖ નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને લેખ લખવો:<br>▪ વિષયના અનુસંધાનમાં વિષયવસ્તુની રજૂઆત<br>▪ જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી | **1x5=5** |
| | | **અથવા**<br>**‘અભણને ભણાવો’ વિશે જાહેરાત બનાવો.**<br>ચિત્રાત્મક રજૂઆત 1.5<br>સૂત્રાત્મક રજૂઆત 1<br>સમગ્ર પ્રસ્તુતીકરણ 2.5<br>➢ **નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી**<br>• ચિત્રાત્મક રજૂઆત<br>• ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ<br>• ટૂંકમાં પરંતુ આકર્ષક રજૂઆત<br>• દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત | |
| | | **SECTION - C (Grammar)** | |
| **3** | અ | **રૂઢિપ્રયોગના અર્થ અને વાક્યપ્રયોગ** :(1) હૃદય હાથ ના રહેવું – હિંમત કે ધીરજ ન રહેવી 0.5<br>ઉદા.વાક્ય: કઠોર પરિશ્રમ છતાં નિષ્ફળતા મળવાથી મોહનભાઈનું હૃદય હાથ ન રહ્યું. 0.5<br>(2) પાયાના પથ્થર થવું –શરૂઆતના કાર્યમાં વિશેષ યોગદાન આપવું 0.5<br>ઉદા.વાક્ય: ખેડૂતોના સત્યાગ્રહના સરદાર પટેલ પાયાના પથ્થર છે. 0.5<br>(3) પૈડું સિંચાવું – શુકન કરવા 0.5<br>વાક્ય: પૈડું સિંચીને માતપિતાએ દીકરીને ભારે હૈયે વિદાય કરી. 0.5 | **1x3=3** |
| | બ | **નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો.** | **1x2=2** |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | | (1) સિંધૂર્મિ = સિંધુ + ઊર્મિ<br>(2) સિંહાસન = સિંહ + આસન | |
| | ક | **(1) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો.**<br>(a) આ સૂનું ગળું મારાથી જોવાતું નથી.(વિધિવાક્ય બનાવો)<br>ઉત્તર : આ શણગાર સજેલું ગળું જ હું જોઈ શકું/આ ભરેલું ગળું જ હું જોઈ શકું.<br>(b) હું ખોટું બોલું છું. (નિષેધવાકય બનાવો)<br>ઉત્તર : હું સાચું / સત્ય બોલતો નથી.<br>(2) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો.<br>(a) એમાં કાંઈ કહેવાનું નથી. (પ્રશ્નવાક્ય બનાવો)<br>ઉત્તર : એમાં ક્યાં કાંઈ કહેવાનું છે?<br>**(b)** સાપ ઘણો લાંબો છે. (ઉદ્દગારવાક્ય બનાવો)<br>ઉત્તર : અરે! સાપ લાંબો છે ! / સાપ કેટલો લાંબો છે! | 1x2=2<br><br><br><br><br><br>1x2=2 |
| | ડ | **નીચેના વાક્યો સુધારો.**<br>(1) મયૂરનો પત્ની મુંબઈ ગયો.<br>ઉત્તર : મયૂરની પત્ની મુંબઈ ગઈ.<br>**(2)** રમઝુના શરણાઈએ આખી બજારને જગાડી દીધો હતો.ઉત્તર : રમઝુની શરણાઈએ આખી બજારને જગાડી દીધી હતી. | 1x2=2 |
| | ઇ | **નીચેની કહેવતોનો અર્થ લખો.**<br>**(1)** જાનમાં કોઈ જાણે નહિ, ને હું ઘર/વરની ફૂઈ<br>ઉત્તર : પોતાનું સ્થાન નગણ્ય હોવા છતાં 'સઘળો વહીવટ પોતાના હાથમાં જ છે' તેવો આડંબર કરવો.<br>**(2)** ભેંસ આગળ ભાગવત<br>ઉત્તર : અણસમજુને ઉપદેશ આપવો નકામો છે. | 1x2=2 |
| | ઈ | **નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**<br>(1) ઉષ્ણતામાન માપવાનું સાધન - થર્મોમિટર<br>(2) કન્યાવિદાય વખતે કન્યાની મા મંગળનો દીવો લે છે તે - રામણદીવડો | 1x2=2 |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | | **SECTION D (Literature -Text Book)** | |
| **4** | અ | નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ આપો: | **1x3=3** |
| | (1) | અમદાવાદમાં જે લોકોને ટાળવા આપણે પોળની ગલીમાં છુપાઈ જવા પ્રયત્નો કરીએ; એ બધા લોકો આપણને આબુમાં મળી જાય તેમજ ત્યાંના રસ્તા પહોળા હોવાથી ભાગીભાગીને તેમની નજરમાંથી બચવું પણ શક્ય બને નહીં. | |
| | **(2)** | ઉપરોક્ત ફકરામાં 'સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાતરા' કહેવત આપેલી છે. | |
| | **(3)** | રબડીવાળો નખીલેકની ત્રાંસમાં બેસે છે. | |
| | બ | કોઈપણ બે વિધાનના કારણો આપો:<br>વિષયવસ્તુ (1.5)<br>જોડણી, ભાષાશુદ્ધિ (0.5) | **2x2=4** |
| | **(1)** | શરણાઈના સૂરમાં રમમાણ થઈ ગયેલા રમઝુ મીરને પોતાની વહાલસોયી દીકરી સકીનાને સાસરે વળાવવાનો વીસ વર્ષ જૂનો પ્રસંગ યાદ આવી ગયો.પોતાની દીકરીને વિદાય કરતો હોય એમ દાદમાં મળેલા પૈસા ગવરીને આશીર્વાદ સ્વરૂપે કાપડાના પૈસા ગણીને આપી દીધા. | |
| | **(2)** | ઘરેથી નીકળતાં ભદ્રંભદ્ર અંબારામને 'આજનો દિવસ મહોટો છે' એમ કહે છે, કારણકે તેઓ વેદધર્મનું રક્ષણ કરવા, આર્યધર્મનો જય કરવા, સનાતન ધર્મનો પ્રચાર કરવા પ્રયાણ કરી રહ્યા હતા. | |
| | **(3)** | ગામમાં કોઈપણ પ્રસંગ હોય તો પરંપરા પ્રમાણે પ્રૌઢોને ટિફિન આપવાનો રિવાજ - અમથીમાના રોટલા કરવા - નાયકે કહ્યું , ' આ રોટલાનું વૈતરું શું કામ '? | |
| | ક | 1. **નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો:**<br>વિષયવસ્તુ (1.5)<br>જોડણી, ભાષાશુદ્ધિ (0.5) | **2x2=4** |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | (1) | રમાએ ઘણું આડુંઅવળું બોલી બોલીને કાન્તિને બા અને મોટાભાઈની વિરુદ્ધ કર્યો,બા મહેનતુ હતા,બીજા પાસે હાથ ન લંબાવતા, પુત્ર પાસે પણ નહીં ,'તારો પૈસો મારે આજથી હરામ છે, એક પૈસો પણ મોકલતો નહીં' વગેરે | |
| | (2) | જેઠીબાઈના માનમાં અઠવાડિયામાં એક દિવસ તેમના ઘર પાસે બેન્ડ વગાડવાનો હુકમ - જિંદગી સુધી ચાલુ રહ્યો - તેમના માનમાં પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે માથા પરથી હેટ ઉતારી નાખતા. | |
| | (3) | બલાઈને પ્રકૃતિ સાથે અનન્ય પ્રેમ - પ્રકૃતિ તેનો પ્રાણ - સ્વજન જેવી લાગણી - કોઈ ફૂલ તોડે તો એને લાગી આવતુ - વ્યથા સાંભળનાર કોઈ ન હતું–અકથ્ય વેદના છુપાવવાનો પ્રયાસ કરતો. | |
| | ડ | **નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર લખો.**<br>વિષયવસ્તુ (3)<br>જોડણી,ભાષશુદ્ધિ (1) | 1x4=4 |
| | (1) | ડો. વર્ગીસ કુરિયનનો જન્મ સિરિયન ખ્રિસ્તી પરિવાર કેરાલાના કેલિકટ ગામમાં - ગામમાં જ શાલેય શિક્ષણ પૂરું કરી, ચેન્નઈની લોયેલા કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્ર વિષયમાં બી.એસ.સી. - ગ્વીંડી કોલેજ ઓફ ઍંજિનિયરિંગમાંથી ઇજનેરની પદવી પ્રાપ્ત કરી - વર્ગીસને ધાતુશાસ્ત્ર અને ન્યુક્લિયર ફિઝિકસમાં અનુસ્નાતક થવું હતું - ડેરી એન્જિનિયરિંગમાં પસંદગી - ડેરી ઉદ્યોગ વિષે જાણકારી -અંતે ધાતુશાસ્ત્ર અને ન્યુક્લિયર ફિઝિકસમાં અનુસ્નાતક - ભારત સરકારના આદેશથી આણંદ આવવું - ખેડૂતોનું સશક્તિકરણ અને સંગઠન - એન.ડી.ડી.બી. ના સ્થાપકઅને ચેરમેન - ભારતસરકાર દ્વારા પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ એનાયત -'મારું સ્વપ્ન' આત્મકથા યુવાનો માટે સંદેશ વગેરે | |
| | (2) | લેખક અને એમના મિત્રો એક રેસ્ટોરામાં ગયા - મંગાવેલા ભોજનમાંથી ત્રીજા ભાગનું ભોજન થાળીમાં વધાર્યું - વૃદ્ધ સ્ત્રીઓએ સોસિયલ સિક્યોરિટીના અધિકારીને ફોન દ્વારા ફરિયાદ કરી - અધિકારીએ 50 યુરોનો દંડ - 'તમને જોઈતું હોય તેટલું જ, તમે ખાઈ શકતા હો એટલું જ મંગાવો. પૈસા તમારા પણ સાધન-સામગ્રી તો બધી સમાજની જ. તેનો બગાડ કરવાનો તમને કોઈ અધિકાર નથી.'- 50 યુરોના દંડની રસીદને ઘરની દીવાલ પર ચોંટાડવી - અમને સતત જાગૃત કરવા કે,કદી કોઈ | |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | | વસ્તુનો બગાડ ન કરીએ. | |
| | (3) | 'ઝબક જ્યોત' એકાંકીમાં સર અમલ દેરાસરી અંગ્રેજ સરકારના વફાદાર અધિકારી - 'સર'નો ખિતાબ - ક્રાંતિકારી પ્રવૃતિઓ અને સ્વાતંત્ર્યસંગ્રામના વિરોધી - તેમનો આઠ વર્ષનો પુત્ર દીપક સાચો દેશભક્ત - ઘરની અગાસી પર રાષ્ટ્રધ્વજ ચડાવવા જવું - ગંભીર રીતે ઘવાયો - દીપકની કથળતી હાલત - દીપકનો જીવનદીપ હોલવાઈ ગયો -મેનાનું કલ્પાંત -સર અમલ દેરાસરીનું હ્રદય પરિવર્તન - દીપકે મૃત્યુ પામીને પિતામાં દેશપ્રેમની જ્યોત જગાવી - એ જ શીર્ષકની યથાર્થતા. | |
| 5 | અ | **કાવ્યસમીક્ષાના ઉત્તરો:** | **2x1=2** |
| | (1) | ભગવાન શ્રીકૃષ્ણે કસબના ભરતવાળું પહેરણ, રેશમી પીતાંબર અને ખભે ખેસ, કાનમાં કુંડળ, મસ્તકે મુગટ અને મુખ પર મોરલી ધારણ કરેલી છે. | |
| | (2) | મોરલીનો નાદ ગગનમાં ગાજે છે. | |
| | બ | **કાવ્યપંક્તિઓના પ્રશ્નોના ઉત્તરો :** | **2x1=2** |
| | (1) | વરસાદના ઝીણાં ફોરાં ઝરમર ઝર્યાં ત્યાં જીવમાં જીવ આવ્યો. પક્ષીઓએ નિરાંત અનુભવી - પાંદડાઓનો ઊજળો રંગ નિખર્યો. | |
| | (2) | ' નીડ ' શબ્દનો અર્થ માળો અને ' પરણ ' શબ્દનો અર્થ પાંદડું, પાન થાય. | |
| | ક | **કોઈ પણ એક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર :**<br>વિષયવસ્તુ **(1.5)**<br>જોડણી,ભાષાશુદ્ધિ **(0.5)** | **1x2=2** |
| | (1) | ખાલી હાથમાં સત્તા, ધન, કીર્તિવગેરે કેટકેટલુંય છે પણ કવિને એ કશું જ જોઈતું નથી. વળી, ખાલી હાથમાં ઉષ્મા,થડકો અને બીજી અનેક લાગણીઓ પણ છે. એના દ્વારા આપણે પરસ્પરના ભાવને ઓળખીએ છીએ. એ લાગણીઓ લંબાવેલા હાથમાં આપવા કહે છે. | |
| | (2) | વિવિધ વસ્તુઓને તેનું મન પૂછી પૂછીને ગોઠવવું - સોફા અને લેમ્પને નવું સ્થાન આપ્યું. બારીના પડદા બદલી નાખ્યાં - જૂના ગલીચાની જગ્યાએ 'Wall to Wall' કારપેટ - આ બધા સુશોભનથી દીવાનખાનું પ્રસન્ન - નાયિકાનું મન વિચારે ચડી જવું -વસ્તુઓથી ભરચક ઘરમાં એમનું સ્થાન ક્યાં છે ? પોતાનું મન સ્થિર રહી શકે એવું નિશ્ચિત સ્થાન શોધવું - એકલતા | |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE

Downloaded From : http://www.cbseportal.com

| | | | |
|---|---|---|---|
| | ક | **નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર:** | **1x4=4** |
| | **(1)** | 'મોરલી' કાવ્યના રચયિતા મીરાંબાઈ છે. | |
| | **(2)** | જીવન અંજલિ થાજો' કાવ્યમાં કવિ ભૂખ્યાં માટે ભોજન અને તરસ્યાં માટે જળ બનવા માગે છે. | |
| | **(3)** | 'ક્યાં રે વાગી' કાવ્યની ધ્રુવપંક્તિ 'સમી સાંજની રે, વજોગણ ક્યાં રે વાગી' છે. | |
| | **(4)** | 'તે બેસે અહીં ' કાવ્ય ' યદા તદા ગઝલ ' માંથી લેવાયું છે. | |
| | **(5)** | ' હાઈકુ ' એ જાપાની ભાષાસાહિત્યનો કાવ્યપ્રકાર છે. | |



Downloaded From : http://www.cbseportal.com Courtesy : CBSE